# જયવંતસૂરિ કૃત સીમંધરસ્વામીલેખ

*જયંત કોઠારી*

જયવંતસૂરિ સોળમા સૈકામાં થઈ ગયેલા જૈન સાધુકવિ છે. એ વડતપગચ્છની રત્નાકર શાખાના સાધુ હતા અને ઉપાધ્યાય વિનયમંડનના શિષ્ય હતા. એ પોતાને જયવંતસૂરિ ઉપરાંત ઘણી વાર તો જયવંત પંડિત તરીકે ઉલ્લેખે છે અને એમનું ગુણસૌભાગ્યસૂરિ એવું અપરનામ પણ મળે છે. કવિ સંસ્કૃત કાવ્યશાસ્ત્રના અભ્યાસી હોય એવું જાણવા મળે છે. અને સંસ્કૃત-પ્રાકૃત કાવ્યપરંપરાનો પણ એમને ઊંડો પરિચય હશે એવું એમની કૃતિઓ બતાવે છે.

કવિની બે રાસકૃતિઓ - શૃંગારમંજરી (૧૫૫૮) અને ઋષિદત્તા રાસ (૧૫૮૭) - ઉપરાંત સ્તવન, લેખ(પત્ર), સંવાદ, ફાગ, બારમાસા વગેરે પ્રકારની કેટલીક કૃતિઓ અને ૮૦ જેટલાં ગીતો મળે છે. એમાં કવિની એક ભાવ કવિ તરીકેની પ્રતિભા ઉપસી આવે છે અને અલંકારો, વિવિધ અભિવ્યક્તિ તરાહો અને વાગ્ભંગિઓ, પદ્યબંધો, સમસ્યાબંધો, સુભાષિતો વગેરે પરનું કવિનું અજબ પ્રભુત્વ પ્રતીત થાય છે. કવિને સર્વ રીતિના આલેખનની ફાવટ છે, પણ એમની કૃતિઓમાં ચક્રવર્તી છે તે તો સ્નેહરસ જ. તીર્થંકર સ્તવના પણ પ્રેમલક્ષણા ભક્તિને રંગે રંગાયેલી છે. આ રીતે, ખરેખરા અને ઉચ્ચ કવિત્વગુણે કરીને આ જૈન સાધુ મધ્યકાલીન સાહિત્યના એક પ્રથમ પંક્તિના સર્જક કવિ બની રહે છે.

સીમંધરસ્વામીલેખ ક્યારેક સીમંધરસ્વામીસ્તવન તરીકે પણ ઉલ્લેખાયેલ છે. એમાં જયવંત પંડિત એવી કવિનામછાપ છે ને કવિએ પોતાને ઉપાધ્યાય વિનય મંડનના શિષ્ય તરીકે ઓળખાવેલ છે. એમણે આ કૃતિ આસો સુદ ૧૫ ને શુક્રવારે રચી હોવાનું પણ નિર્દેશ્યું છે. આ તિથિ-વરસ. ૧૫૯૯ એટલે ઈ. ૧૫૪૩માં પડે છે એવું કનુંભાઈ શેઠે (શૃંગારમંજરી, ૧૯૭૮, પૃ ૧૦) જણાવ્યું છે. પણ આ બાબત શંકાસ્પદ જણાય છે. ૧૫૫૮માં શૃંગારમંજરી પોતે લઘુ વયે રચેલી છે એમ કવિએ કહ્યું છે. તેમાં લઘુ વય એટલે વીસ-પચીસ વર્ષથી વધારે ઉંમર સંભવી ન શકે, ને તો, ૧૫૪૩ માં કવિ દશેક વર્ષથી વધારે ઉંમરના ન હોઈ શકે. આમેય, આસો સુદ ૧૫ ને શુક્રવાર ઘણાં વર્ષોમાં આવી શકે.

અહીં મુદ્રિત થયેલા પાઠમાં કૃતિ ૩૭ કડી ધરાવે છે. તેમાં ધ્રૂપદ એટલે ધ્રુવપદ કે આકણી આંચલીની પાંચ કડી છે તે ઉમેરીએ તો કુલ ૪૨ કડી થાય. કૃતિમાં ઢાળ નિર્દેશ નથી પણ એ, આ રીતે, સ્પષ્ટપણે પાંચ ઢાળની કૃતિ છે. (મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યમાં બે ઢાળ કહી છે તે ભૂલ છે.) બધી જ ઢાળમાં ત્રણ-ચાર ચરણની આખી કડીની ધ્રુવા એ આ કૃતિના પદ્યબંધની એક ધ્યાન ખેંચતી લાક્ષણિકતા ગણાય. બે ઢાળમાં દેશીનો નિર્દેશ છે, પણ રાગનો નિર્દેશ બધી ઢાળમાં છે. હસ્તપ્રતોમાં આ નિર્દેશો થોડા જુદા પણ પડે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખ એટલે પત્ર. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનાં પત્રકાવ્યોની એક પરંપરા જોવા મળે છે. બહુધા લેખ ને નામે, પણ કેટલીક વાર કાગળ, પત્ર, વિજ્ઞપ્તિ એવાં નામે પણ આ કાવ્યો ઓળખાવાયાં છે. પત્ર કાવ્ય સ્વતંત્ર કૃતિ તરીકે મળે છે, તે ઉપરાંત લાંબા કથાકાવ્યમાં પણ એને, સ્વાભાવિક રીતે, સ્થાન મળ્યું છે. (આ વિશેની થોડી માહિતી મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યમાં મધ્યકાલીન જૈન કવિતામાં પત્ર/લેખ એ લેખમાંથી મળશે.) કવિ જયવંતસૂરિને પત્રકાવ્ય પ્રત્યે ખાસ રુચિ હોય એમ જાણાય છે. એમની શૃંગારમંજરીમાં અજિતસેને શીલવતી પર લખેલો લાંબો પત્ર અને શીલવતીએ અજિતસેન પર લખેલો એમ બે પત્રો આવે છે. પહેલો ટૂંકો, માત્ર ૧૨ કડીનો છે, પણ બીજો ખાસ્સો લાંબો, ૯૭ કડી સુધી વિસ્તરે છે. પત્રો સ્વસ્તિ શ્રીવર વીનવઈ એવો ઔપચારિક આરંભ ધરાવે છે, કુશળ સમાચાર આપે છે. પૂછે છે અને સ્નેહાસકિત તથા વિરહભાવની અભિવ્યક્તિ કરે છે. અજિતસેનના પત્રમાં મુખ્યત્વે શીલવતીનો. શીલવતીના પત્રમાં પોતાથી પત્ર કેમ નથી લખાયો એનાં અનેક રસિક કારણો છે, સ્થળ-સમયના અંતરથી ન અવરોધાતા સાચા સ્નેહનો મહિમા છે, સમસ્યાગર્ભિત કથનો છે, પોતાના પ્રીતિભાવની ઉત્કટ અભિવ્યક્તિ છે અને પત્ર લખવા જતાં ક્યા અંતરાયો આવે છે તે રમણીય તર્કોથી બતાવ્યું છે. આ પત્રમાં છેલ્લે પત્ર લખ્યાની મિતિ પણ છે. જયવંતસૂરિનાં ગીતોમાં પણ એક સ્થૂલિભદ્રકોશાલેખ છે.

આ સીમંધરસ્વામીલેખ સ્વસ્તિશ્રી પુંડરગિણી એમ રૂઢ પત્રપદ્ધતિએ આરંભાય છે. ને અંતે પત્ર લખ્યાની મિતિ પણ. એમાં પત્રસ્વરૂપ ચુસ્તપણે સચવાયું નથી. દૈવને તથા સુડલા (પોપટ)ને સંબોધનો તથા મોરા વાહલાનંદ કોઈ મેલવઉ જેવી કોઈ ત્રીજી વ્યક્તિને થયેલી અભ્યર્થના સીમંધરસ્વામી પરના પત્રમાં અસંગત ગણાય. એમ લાગે છે કે કવિને મન પત્રસ્વરૂપ કરતાં મનોભાવની અભિવ્યક્તિ જ વધારે મહત્ત્વની છે, એ માટે જે કોઈ પ્રયુક્તિનો આશ્રય લેવાનો થાય તે લેવાનો બાધ નથી. જૂજ સ્થાનો બાદ કરતાં કવિ પત્રના સ્વરૂપને વળગી રહ્યા છે એ જ મોટી વાત છે.

આ પત્ર પણ સ્નેહાસક્તિ અને વિરહભાવને વાચા આપવા નિર્માયેલા છે ને એનો એકંદરે સૂર શૃંગારમંજરીમાંના અજિતસેન અને શીલવતીના પત્રો જેવો ગણાય, ને થોડીક પંક્તિઓ પણ બન્ને કૃતિઓમાં મળતી આવે છે. જેમકે,

**માંનસ સમરઈ હંસલા રે, ચાતિક સમરઈ મેહ,**
**કમલ ભમર, વિંઝ હાથીઆ રે, તિમ સમરું તુઝ નેહ. ૨૮**

(સીમંધરસ્વામી લેખ)

**ભમરુ સમરઈ માલતી, હાથી સમરઈ વિંજ,**
**મરુથલ સમરઈ કરહડું, તિમ સમરું હું તુજઝ. ૨૧૩૫**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનસ-સરોવર હંસ જિમ, ભમરા જિમ કમલાઈ,
મેહ સંભારઈ મોર જિમ, તિમ તુહમ ગુણ સમરાંઈ. ૨૨૨૬
ગજવર સમરઈ વિંઝ જિમ, કાંઈલિ સમરઈ અંબ,
તિમ સમરું હૂં તુંહનઈ, સમરઈ ભમર કદંબ. ૨૨૨૭

(શૃંગારમંજરી)

દઢ એકનિષ્ઠ સ્મરણપ્રીતિ દર્શાવવા માટેનાં આ બધાં પરંપરાપ્રાપ્ત ઉપમાનો છે. એનો ઉપયોગ કરવામાં મધ્યકાળના કવિઓને મૌલિકતાના કોઈ ખ્યાલો આડે આવતા નહતા. જયવંતસૂરિએ એક જ કૃતિમાં બન્ને પાત્રોમાં એ ઉપમાનોની પુનરુક્તિ ન થવા દેવાનું પણ ઈચ્છ્યુ નથી. પછી બે ભિન્ન કૃતિઓમાં એ પુનરાવર્તિત થાય એમાં શી નવાઈ ? પણ બધાં ઉપમાનો પુનરાવર્તિત થતાં નથી અને દરેક સ્થાને કંઈક જુદાપણું વરતાય છે, એ ખ્યાલમાં રાખવું જોઈએ

જે જાઈ ઘડિ ઘડિ તે વિના, તે વરસ સરીખી થાઈ. ૩.૧

(સીમંધરસ્વામીલેખ)

વાહાલેસર, એક તુજ વિના, ક્ષણ વરસા સુ થાઈ. ૨૧૮ ૩.૧

(શૃંગારમંજરી)

નવિ વીસરઈ ગુણ તોરડા, જઉ લાખ જોઆણ દૂરિ,
પંજરડૂં સૂનું ભમઈ, તુઝ પાસઈ રે મન રસપૂરિ. ૧૩

(સીમંધરસ્વામીલેખ)

મ જાણસિ તું વિસરિઉ, ગયા વિદેસિ અપાર,
મુજ જીવિત તુજ પાસિ છઈ, સૂનૂં અહિં ઢંઢાર. ૨૨૦૮

(શૃંગારમંજરી)

કિહાં સૂરિજ કિહાં કમલિની રે, કિહાં મેહા કિહાં મોર,
દૂરિ ગયા કિમ વીસરઈ રે, ઉત્તમ નેહ સ જોઈ. ૨૭

(સીમંધરસ્વામીલેખ)

કિહાં સૂરજ કિહાં કમલવન, કિહાં કુમુદાલી ચંદ,
વાહલા વસઈ વિદેસડઈ, સમરિયાં દેઈ આનંદ. ૨૨૧૨.

(શૃંગારમંજરી)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોઈ આંખડી અલજઉ ધરઈ, મોરઈ ચિત્તિ તોરું ધ્યાન,
તુઝ નામ જીભ ન વીસરઈ, તોરા ગુણડા રે સુખ દિઈ કાંતિ. ૧૨
(સીમંધરસ્વામીલેખ)

ધ્યાન તુહ્માર ચિતડઈ, ગુણ સુણિ સવણ-સંતોસે,
નાંમિ પવિત્ર સ જીભડી, દો નયણાં ધરઈ સોસ. ૨૨૦૪ (શૃંગારમંજરી)

ગૂંથી તુઝ ગુણ ફૂલડે, નામમંત્ર જ એહ રે
વિરહ તણાં વિષ ટાલિવા, હું જપૂં નિસિદીહ રે. ૧૬ (સીમંધરસ્વામીલેખ)

હૃદયકમલિ એક તૂં રિઉં, ગૂંથી તુઝ ગુણ-માલ.
શ્રેય-મિત અભિધાન તુજ, જપતાં જાઈ કાલ. ૨૨૦૬ (શૃંગારમંજરી)

મનિ જે ઉપજઈ, વાતડી, (તુ) તે લેખમાં ન લખાઈ રે,
પાપી દોષી જન ઘણા, (તું) મિલ્યા પાખઈ ન કિહિવાઈ રે. ૩૩
(સીમંધરસ્વામીલેખ)

મનમાં છઈ ઘણી વાતડી, જે કાગલિ ન લિખાઈ,
દોખી દુરયન જગિ ઘણા, મિલિયા પખઈ ન કહાઈ. ૨૨૪૪
(શૃંગારમંજરી)

તુજ ઉપરિ મુઝ નેહડઈ રે, સાખી ચંદ સુજાણ,
ઘણું કહૂં સ્યુ કારિમું રે, તુજ હાથિ મુઝ પ્રાણ. ૨૫ (સીમંધરસ્વામીલેખ)

ઘણઉં કહૂં સિઉં કારિમૂ, સમ કીધે સિઉં હોઈ,
તૂં એક સમય ન વીસરિઉ, થોડાઈ ઘણૂં સ જોઈ. ૨૨૩૦. (શૃંગારમંજરી)

પસરી તુમ્હ મનમાંડવઈ રે, મનોહર અહ્મ ગુણવેલિ,
નેહિં-જલિં નિતું સીંચયો રે, જિમ હુઈ રંગરેલિ. ૨૬ (સીમંધરસ્વામીલેખ)

પ્રીતિ-લતા થાલૂં કરિઉં, તુજ મન-મંડપિ લગ્ગ,
દુરિયન-વચન કટારડઈ, રખે છેદાઈ સુરંગ. ૨૨૦૯ (શૃંગારમંજરી)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાયર મિસિ, મેરુ લેખણી, તુ કાગલ અંબર સાર રે,
તુહઈ મનની વાતડી તે, (તું) લિખિતાં નાવઈ પાર રે. ૩૧

(સીમંધરસ્વામીલેખ)

ભૂંમંડલ કાગલ કરું, સાયર સવિ મસિ થાઈ,
સવિ ડૂંગર કાંઠા હવઈ, તુહ્મ ગુણ તુહિ ન લિખાઈ. ૨૨૩૭
સવિ અંબર કાગલ હવઇ, ગંગા-જલ મિસિ હોઇ,
જઉ સુરગુરુ તુહ્મ ગુણ લિખઇ, પાર ન આવઈ તોઈ. ૨૨૩૮ (શૃંગારમંજરી)
આખિર બાવન ગુણ ઘણા, તુ કહુ તાં કેતા લિખીઈ રે;
થોડઈ ઘણું કરી જાંણયો, (તું) સુખ હોસ્યઇ તુમ્હ દેખી રે. ૩૨

(સીમંધરસ્વામીલેખ)

અક્ષર બાવન ગુણ ઘણા, કેતા લિખીઈ લેખિ;
થોડઈ ઘણું કરી જાણયો, સુખ હોસઈ તુહ્મ દેખિ. ૨૨૩૫ (શૃંગારમંજરી)

આ સમાંતર ઉદ્ગારોથી મધ્યકાળની કાવ્યરચના પ્રણાલિ ઉપર પ્રકાશ પડશે. પણ એ બાબત ધ્યાન બહાર ન રહેવી જોઈએ કે શબ્દશઃ સમાન હોય એવા ઉદ્ગારો તો ઓછા છે ને સમાંતર ચાલતા ઘણા ઉદ્ગારો વિગતો કે સંદર્ભનો ઓછોવત્તો ફરક બતાવે છે. સ્થૂળ વિગતોનો ફરક બહુ મહત્ત્વનો નથી પણ એક જ ઉદ્ગારને કે એક જ ઉપમાનને નવા ભાવસંદર્ભમાં પ્રયોજવામાં કવિકૌશલ રહેલું છે એમ અવશ્ય કહેવાય. અને એ કવિકૌશલ્યને પ્રમાણવામાં આપણે સંકોચ ન અનુભવવો જોઈએ. એવા ઉદ્ગારોના પણ થોડાક દાખલા ઉપરનાં ઉદાહરણોમાં જોવા મળશે. અને આ ઉદ્ગારો ઉપરાંત બન્ને કૃતિઓમાં જે વિશેષ છે તે તો જુદું.

સીમંધરસ્વામી લેખની વિશેષતા એ છે કે એમાં તીર્થંકરભક્તિ પ્રીતિભાવની નીકમાં વહે છે. જાણે કોઈ વિરહિણી સ્ત્રી પ્રિયતમને પત્ર લખતી ન હોય ! એવું લાગે છે. અલબત્ત, પત્ર લખનાર સ્ત્રી છે એમ કહેવા માટેનું પત્રમાં કોઈ ચિહ્ન નથી. પણ સીમંધરસ્વામીને સતત વહાલાજી તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે. તીર્થંકરદેવ પ્રત્યેના આવા પ્રીતિભાવનું આલેખન ઘણા જૈન કવિઓને હાથે થયું છે, છતાં કોઈને આમાં લૌકિક રાગની છાયા દેખાય ને તેથી એમાં અનૌચિત્યનો સંશય થાય એમ બની શકે. એક શક્યતા રહે છે. આ કૃતિની બે હસ્તપ્રતોમાં વહાલાજીને સ્થાને 'અરિહંત' 'ભગવંત' 'સામી' એવા શબ્દો મળે છે. તે આવી સંશયવૃત્તિનો સંકેત કરે છે. જોકે આટલા શબ્દના પરિવર્તનથી કંઈ આખા કાવ્યનો ભાવ બદલાઈ જતો નથી.

તીર્થંકરદેવ પ્રત્યે તો ગુણાનુરાગ જ સંભવે ને ? કાવ્યને આરંભે જ સાંગ રૂપક રચનાનો આશ્રય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લઈ કવિ પોતાનો ઉત્કટ ગુણાનુરાગ વ્યક્ત કરે છે. - ''ગુણકમલ તોરઈ વેધીઉ, મનભમર મુઝ રસપૂરિ (તારા ગુણરૂપી કમલથી મારો મનરૂપી ભ્રમર રસપૂર્ણતાથી વીંધાયો છે, લુબ્ધ થયો છે.) પછી પણ કવિ જ્યારે એમ કહે છે કે 'પસરી તુમ્હ મનમાંડવઈ રે, મનોહર અમ ગુણવેલિ ત્યારે ગુણવેલિ' એટલે ગુણાનુરાગરૂપી વેલિ એમ જ અર્થ લેવો જોઈએ. (શૃંગારમંજરી માં પ્રીતિલતા જ કહેલી છે.) કવિ સીમંધરસ્વામીના નામનો મંત્ર જપે છે તે પણ એમનાં ગુણફૂલડાંની માળા ગૂંથીને (૧૬). તીર્થંકરદેવ પ્રત્યેના કવિના ખેંચાણનું કારણ એમના ગુણો છે તે વાત એક સ્થાને માર્મિક રીતે કહેવાઈ છે - દૂતીપણું તોરા ગુણ કરે. ને સીમંધરસ્વામી ને વારે વારે સુગુણ એવું વિશેષણ લગાડાય છે અને એમના ગુણો લખતાં પાર આવે તેમ નથી એમ પણ કહેવાય છે. ગુણોનું ખેંચાણ એટલું બધું છે કે નવિ વીસરઈ ગુણ તોરડા, જઉ લાખ જોઅણ દૂરિ.

પણ વાત આટલેથી અટકતી નથી. કવિ સીમંધરસ્વામીના ગુણો પ્રત્યે જ આસક્ત નથી, તેમના રૂપની અને અંગશોભાની મોહિની પણ એ અનુભવે છે. જેમકે, સીમંધરસ્વામીના મુખચંદ્રનું આકર્ષણ :-

**તુઝ દેખવા મુખચંદલઉ, દોઈ નયણ કરઈ રુહાડિ. ૨.૨**

એમની ચાલ, એમનું બોલવું, એમની આંખના ભવાં વગેરેનું આકર્ષણ :-

**ચતુર ચમકઈ ચીતડઈ, તુ ચાલંતાં ભુંઈ સોહઈ રે,**
**અમીય ઝરઈ મુખિ બોલંતા, તું તોરઈ નયન-ભ્રમિ સહુ મોહઈ રે.**

ગુણપૂજા તો દૂર રહીને પણ થઈ શકે પરંતુ કાવ્યમાં તો વહાલાજી ને સાથે આંખ મેળવવાની, એમનું દર્શન કરવાની, એમની સાથે વાત કરવાની તીવ્ર અભિલાષા વારંવાર વ્યક્ત થઈ છે, અને પ્રતીક્ષા વિરહ વ્યાકુળતા અધીરાઈ વગેરે ભાવો વ્યક્ત થયા છે જે પ્રત્યક્ષ મિલનની આકાંક્ષા સૂચવે છે. પ્રિયતમને કહેવાની મનની વાત તો એવી છે કે જે 'પાપી (દોષી)' જન 'વેરી' વગેરેથી છાની રાખવા કવિ ઈચ્છે છે. જાણે કે આ ખાનગી પ્રેમપત્ર ન હોય ! -

**મનિ જે ઊપજઈ વાતડી, (તુ) તે લેખમાં ન લખાઈ રે,**
**પાપી દોષી જન ઘણા, (તુ) મિલ્યા પાખઈ ન કિહિવાઈ. રે. ૩૩**

આ રીતે કવિની પ્રીતિભક્તિનો લૌકિક પ્રીતિભાવનો રંગ લાગેલો છે એ સ્પષ્ટ છે પણ એથી આ પ્રીતિભાવ તાદૃશ બને છે. એમાં તીક્ષ્ણતા અને તીવ્રતા પ્રતીત થાય છે, એમાં આત્મીયતા, એકનિષ્ઠતા અને એકાન્તિકતાનો એક મનોરમ અનુભવ થાય છે. વસ્તુતઃ એ લૌકિક પ્રીતિ નથી જ. વધારે અગત્યનું તો આ મનોભાવોને કયા કાવ્યકસબોથી અભિવ્યક્ત કર્યા છે અને એને કેવા માર્મિક અને ધારદાર બનાવાયા છે તે છે. વહાલાજીને જાળવાની ઉત્સુકતા સૂડલા (પોપટ) ને ઉદ્દેશીને કહેવાયેલી આ પંક્તિમાં કેવી અસરકારકતાથી પ્રગટ થઈ છે તે જુઓ :



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રે સૂડિલા, તોરી પાંખડી, મુઝ આપિ કરિ ઉપગાર,
નયણસંતોષ જઈ કરું, ન ખમાઈ વેધવિકાર. ૩-૧-૨

વહાલાજી તો વિદેશમાં જ વસનારા છે. એમની સાથે વિયોગ તે તો નિત્ય વિયોગ. દેવને પૂછેલા આ પ્રશ્નમાં એની વ્યથા વેધક રીતે વ્યક્ત થઈ છે.

રે દૈવ, તઈ એક દેસડઈ, સિંઈ ન કીઆ દોઈ અવતાર. ૪.૧

ચંદ્રને સંદેશવાહક બનાવવાની એક રસિક કલ્પના અહીં મળે છે. પણ ચંદ્ર સંદેશવાહક બનતો નથી. એથી નીપજેલી હતાશા જે રોષભર્યો ઉદ્‌ગાર કરાવે છે અને સચોટ વ્યવહારસૂત્રનો આશ્રય લે છે તે ભાવપ્રકટીકરણની એક છટા તરીકે આપણા મનમાં વસી ગયા વિના રહેતું નથી.

તેહવઉ કો નહી આપણઉ, જોડઈ મુઝ તુઝ પ્રીતિ રે,
લેખ-સંદેસુ પાઠવું, કહું વાત જે ચીતિ રે. ૧૯

ચંદુ વલી વલી વીનવ્યું, મુઝ નવિ કરઈ કાજ રે,
વિરહ-વિછોહિઆ વેદના, પાપી નવિ લહઈ આજ રે. ૨૦

વિરહ-વિછોહિઆં માણસો, થોડા મેલણહાર રે,
આપ સમી લહઈ વેદના, ઉસિ જાંઉં બલિહારિ રે. ૨૧

એક જ પદાર્થને ફેરવી પલટાવીને વિવિધ મનોભાવોને વ્યક્ત કરવા પ્રયોજવાનું એક કવિચાતુર્ય હોય છે. આ કવિ પણ એવું કવિચાતુર્ય બતાવે છે. સ્વપ્નનો એમણે કરેલો ઉપયોગ આપણે જોઈએ.

મુઝ દિવસ વરસા સુ સમુ, તુઝ વિના રયણિ છ માસ,
તોરઈ વેધડઈ સહુ વીસરઉં, સુહણા તણી સી આસ. ૬.૧.૨

વિરહભાવની તીવ્રતા અને અન્યમનસ્કતાનું આ ચિત્ર છે. દિવસ સો વરસ જેવડો ને રાત્રિ છ માસની એ વિરહમાં સમયનું બદલાઈ જતું પરિમાણ છે. ને એ રીતે વિરહની ઘનતાનું પણ માપ છે. પણ પછી તો પ્રેમઘાયલ કવિને રાતદિવસનું ભાન રહેતું નથી એ એમની અન્યમનસ્કતા છે. રાતદિવસનું ભાન ન હોય ત્યાં સ્વપ્ન કેમ હોઈ શકે ? તેથી સ્વપ્નના મિલનસુખથી પણ વંચિત. આમ અતુલ નિરાશાનો આ ઉદ્‌ગાર બને છે. અહીં સ્વપ્નના અભાવને કવિ કામે લગાડ્યો, તો અન્યત્ર સ્વપ્નની સ્થિતિને પણ એમણે ઉપયોગમાં લીધી છે

નવિ નીસરઈ મન બાહિરિઈ, મુઝ સુહણઈ રે તોરડી ખંતિ. ૧૦. ૨

સ્વપ્નમાં માણસની દુનિયા ઘણી વાર બદલાઈ જાય છે. પણ પ્રભુ પ્રિયતમ માટેની અભિલાષા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વપ્નમાં પણ મનમાંથી જતી નથી. અભિલાષા કેવી ઊંડી અને અતૂટ છે એ આથી દર્શાવાય છે.

સ્વપ્નાવસ્થા કંઈ કાયમી નથી હોતી. રાત્રે ઊંઘમાં જ સ્વપ્ન શક્ય. પછી એ પૂરું. આ સ્થિતિનો ઉપયોગ પણ કવિએ ભાવપ્રકટીકરણ માટે કર્યો છે.

> જવ સુપન માંહિ તું મિલઈ, તવ હર્ષ હીઈ ન માઈ,
>
> હે હે રે દૈવ અટારડુ, વઈરિણી રયણી વિહાઈ. ૨.૩-૪

સ્વપ્નનું મિલનસુખ રાત્રિ જતાં વિલાઈ ગયું. એની વેદના અહીં વ્યક્ત થઈ છે. રાત્રિ વૈરિણી અને દૈવને મસ્તીખોર કહીને પ્રેમમગ્ન મનના રોષને વાચા આપવામાં આવી છે, જે એ વેદનાને ઘનીભૂત બનાવે છે.

ક્યાં મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી પ્રદેશમાં પુંડરીકિણી નગરીમાં વિરાજતા સીમંધરસ્વામી અને કયાં પોતે ? આ દૂરત્વ કંઈ સહેલાઈથી પાર થઈ શકે એવું નથી. વચ્ચે છે ડુંગર અને દરિયા તથા આકરા ને મુશ્કેલીભર્યા માર્ગ. આથી મિલનની દુષ્કરતા. આ દુષ્કરતાને અંતરાયકર્મની વાત ગૂંથીને કવિ વિશેષ વળ આપે છે.

> એકઈ રે ગામિ વસતડાં, અંતરાયવસિ ન મિલાઈ,
>
> પરદેસિ વાહલા વેગલા, તસ મીલિઈ રે કેણઈ ઉપાય. ૯

આશાલુબ્ધ મનની નિરંતર પ્રતીક્ષા એક સાદા પણ અસરકારક ચિત્રથી મૂર્ત કરી છે

> આંણી વાટઈ જાણું આવસઈ રે, તિણિ વેધઈ રહું બારિ,
>
> આશા-બાધું મન રહઈ રે, ન લહઈ અસૂર સહવાર. ૨૪

સાંજ-સવારનું ભાન ન રહેલું એમ અહીં અન્યમનસ્કતા નથી, અખંડ પ્રતીક્ષાજાગરણની નિશાની છે.

કાવ્યોદ્ગારને સ્વાભાવિકતા અર્પતી ને આત્મીય ગોષ્ઠિના ભાવને ઉપકારક થતી બોલચાલની વાગ્ભંગિઓ કાવ્યમાં વારંવાર મળ્યા કરે છે. નીચેની વાગ્ભંગિ કેવી લાક્ષણિક અને અર્થપૂર્ણ છે તે જુઓ :

> તુઝ ઉપરિ મુઝ નેહડઈ રે, સાખી ચંદ સુજાંણ,
>
> ઘાણું કહૂં સ્યું કરિમૂં રે, તુઝ હાથિ મુઝ પ્રાણ. ૨૫

કારમું-અદ્ભુત, અસાધારણ વાત ઝાઝી તો શું કરું એ વાગ્ભંગિથી તારા હાથમાં મારા પ્રાણ છે એ કથનને કેવો ઉઠાવ મળે છે ! એનું કેવું મૂલ્ય સ્થાપિત થાય છે !

કૌશલનાં ઘણાં ઉદાહરણો આગળ આવી ગયાં છે. એટલે હવે અહીં કવિની તાજગીભરી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીક્ષ્ણ રસદષ્ટિની પરિચાયક એક અલંકારરચના તરફ ખાસ ધ્યાન ખેંચવું જોઈએ.

સવિ અક્ષર હીરે જડ્યા, (તુ) લેખ અમૂલિક એહ રે,
વેધક-મુખિ તંબોલડું, (તું) મન-રીઝવણું એહ રે. ૩૫

લેખના સર્વ અક્ષરો હીરે જડ્યા છે એ એક મનોરમ કલ્પના છે ને એથી લેખ અમૂલિક હોવાની વાત ચરિતાર્થ થાય છે; પણ બીજી પંક્તિ તો એક એવું ઉપમાન લઈને આવે છે, જે નૂતન ચમત્કૃતિભર્યું છે. આ લેખ એ તો રસિક જનના મુખનું તાંબુલ. તાંબુલ એના મનને પ્રસન્ન કરે છે તેમ આ લેખ પણ પ્રિયજનને સુખ આપનાર નીવડશે. રસિક જનનું મન-રીઝવણું એવા તાંબુલ સુધી પહોંચતી કવિ દષ્ટિને આપણે અભિનંદ્યા વિના કેમ રહી શકીએ ?

અને એક ભાવગર્ભ, સઘન અલંકારચના

મન માંહિ જાણ છાંના વસઈ, ધુણ અંબ માંહિ જિમ,
મોરું ચિત્ત કોરઈ ખિણિ-ખિણિ, દૂબલૂં થાઈ મોરું તન રે. ૭.૩-૪

મનમાં વસતા જાણ એટલે કે પ્રિયજન અને આંબાના વૃક્ષમાં વસતા ધુણ (કાષ્ઠનો કીડો) વચ્ચે એટલું જ સામ્ય નથી કે એ છાનાં વસે છે, એ પણ સામ્ય છે કે ધુણ આંબાના વૃક્ષને કોતરે છે તેમ પ્રિયજન ચિત્તને કોરે છે; આંબાનું વૃક્ષ ખવાતું જાય છે તેમ પોતાનું તન કૃશ થતું જાય છે.

કવિની પદાવલિની એક લાક્ષણિકતા ચૂકી જવા જેવી નથી. લાડવાચક શબ્દો કવિએ કેટલા બધા પ્રયોજ્યા છે ! -ચંદલઉ, અટારડુ (અટારુ), સૂડિલો(સૂડો), પાંખડી (પાંખ), દેસડઉ (દેસ), સંદેસડુ (સંદેશ), વેધડઉ (વેધ), તોરડઉં (તોરું), વસંતડાં (વસંત-વસતાં), પ્રીતડી (પ્રીતિ), નેહડઉ (નેહ), તંબોલડુ (તંબોલ) વગેરે. સર્વનામ અને કૃદંત સુધી પહોંચતો લાડભાવ જરા વિલક્ષણ જ ગણાય. આ પદાવલિ વિરહ શૃંગારના અહીં આલેખાયેલા નાજુક, મુલાયમ, મૃદુ હૃદયભાવને ખૂબ પોષક બનતી અનુભવી શકાય છે.

પ્રેમનો પુર પામેલો ભક્તિભાવ, અનેક સંચારિભાવોથી એની થયેલી પુષ્ટિ, પરંપરાપ્રાપ્ત પણ સાર્થક રીતે પ્રયોજાયેલાં તથા નવીન ને ચમત્કૃતિભર્યા અલંકારોનાં સૌન્દર્ય-સામર્થ્ય તેમજ સાહજિક ને લાક્ષણિક વાગ્ભંગિઓની કાર્યસાધકતા જયવંતસૂરિની આ કૃતિને એક નિતાન્ત આસ્વાદ્ય કૃતિ બનાવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org